દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૮ નવેમ્બર, ૨૦૨૫

સરકારી નોકરીઓ માટેનું ભારતીય શિક્ષિતોનું આકર્ષણ હજી પણ ઘટ્યું નથી

હાલમાં એક અહેવાલ એવા હતા કે મધ્યપ્રદેશની પોલીસ કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા-2025માં માત્ર 7,500 જગ્યાઓ માટે લગભગ 9.5 લાખ અરજદારો આવ્યા હતા., આ બાબત દેશમાં વધતી જતી નોકરીની કટોકટી દર્શાવે છે. જો કે આ બાબત આપણે ત્યાં નવી નથી પરંતુ કંઇક નવાઇ ઉપજાવે તેવી આશ્ચર્યજનક વાત એ છે કે આ હોદ્દા જરૂરી લાયકાત ફક્ત ધોરણ 10(હાઇ સ્કૂલ) ની છે - છતાં અરજદારોમાં 52,000 અનુસ્નાતક, 33,000 સ્નાતક, 12,000 એન્જિનિયર અને લગભગ 50 પીએચડી ધારકો પણ હતા. આમ તો પોલીસ કોન્સ્ટેબલ કે બસ કન્ડકટર જેવી નોકરીઓ માટે સ્નાતકો કે અનુસ્તાકો પણ અરજી કરે તેવા બનાવો પણ જૂના થઇ ગયા છે. કેટલાક પીએચડી અરજદારોના સમાચારો પણ ભૂતકાળમાં ચમક્યા છે. પરંતુ આટલી મોટી સંખ્યામાં ગ્રેજ્યુએટો, પોસ્ટ ગ્રેજ્યુએટો અરજીઓ કરે, ૫૦ જેટલા પીએચડી કોન્સ્ટેબલની નોકરી માટે અરજી કરે તે આશ્ચર્યજનક બાબત છે. આ બાબત પ્રજામાં ભણતરનું વધેલું પ્રમાણ અને તેના પ્રમાણમાં તેમને લાયક નોકરીઓનો અભાવ તો સૂચવે જ છે પરંતુ એક જાણકાર અભિપ્રાય પ્રમાણે ખાસ કરીને સરકારી નોકરીઓનું આકર્ષણ, સ્થિર પગારની નોકરી, પેન્શન જેવી બાબતો ઉચ્ચ શિક્ષિત ઉમેદવારોને પણ આ સાવ એન્ટ્રી લેવલની નોકરીઓ તરફ ખેંચી જાય છે.

મધ્ય પ્રદેશની કોન્સ્ટેબલ ભરતી અંગેના અહેવાલ સંદર્ભમાં જ જોઇએ તો એવું જાણવા મળ્યું છે કે મધ્યપ્રદેશમાં ઘણા શિક્ષિત યુવાનો માટે, કોન્સ્ટેબલ પરીક્ષા ભૂમિકા વિશે નથી પરંતુ નોકરીની સુરક્ષા વિશે છે. ઉમેદવારો કહે છે કે સ્થિર રોજગાર તકોનો અભાવ ડિગ્રી ધારકોને પણ ધોરણ 10-સ્તરની જગ્યાઓ લેવા માટે મજબૂર કરી રહ્યો છે. છિંદવાડાની MBA થયેલી પલ્લવી ચોકીકરે જણાવ્યું હતું કે યોગ્ય નોકરી શોધવામાં સંઘર્ષ કર્યા પછી તેણીએ અરજી કરી હતી. "મારી ડિગ્રી હોવા છતાં મને અહીં સારી નોકરી મળી નહીં. મને જે મળી તે મધ્યપ્રદેશની બહાર હતી, પરંતુ કૌટુંબિક જવાબદારીઓને કારણે, મારે ત્યાં જ રહેવું પડ્યું. તેથી મેં આ ફોર્મ ભર્યું," તેણીએ કહ્યું. સિહોરના વિજય વર્મા, જેમની પાસે બીએસસી અને એમએ બંને ડિગ્રી છે, તેમની પ્રેરણા અલગ હતી. "મારા ગામમાં, સરકારી નોકરી મેળવવી એ મોટી વાત છે. સરકારી નોકરી એટલે સ્થિરતા એમ તે કહે છે. જોઇ શકાય છે કે ખાનગી ક્ષેત્રમાં હજી પણ મોટા પ્રમાણમાં આકર્ષક નોકરીઓનો અભાવ છે અને તેની સામે કેટલીક સરકારી નોકરીઓ ભલે બહુ આકર્ષક નહીં હોય પણ સ્થિરતાની ખાતરી તો આપે જ છે. વળી, પેન્શન એ એક જુદું જ આકર્ષણ છે જે ખાનગી ક્ષેત્રમાં ભાગ્યે જ ઉપલબ્ધ હોય છે. જો કે હવે પોલીસ અને લશ્કર સિવાયની મોટા ભાગની સરકારી નોકરીઓમાંથી પણ પેન્શન યોજના નીકળી જવા માંડી છે. આમ છતાં પણ સરકારી નોકરીઓમાં સ્થિરતાનું એક આકર્ષણ તો છે જ. અને આથી જ ઘણા ઉચ્ચ શિક્ષીત ઉમેદવારો દરજ્જાની પરવા કર્યા વિના પ્રવેશ સ્તરની પણ સરકારી નોકરીઓ તરફ દોટ મૂકે છે.

ભારતમાં એક હવે એક વલણ છે કે નોંધપાત્ર સંખ્યામાં સ્નાતક, અનુસ્નાતક અને MBA ડિગ્રી ધરાવતા વ્યક્તિઓ પણ પોલીસ કોન્સ્ટેબલ અને કંડક્ટર જેવી નોકરીઓ માટે અરજી કરે છે, જેમાં સામાન્ય રીતે ઓછામાં ઓછી લાયકાત તરીકે માત્ર 10મું કે 12મું પાસ પ્રમાણપત્ર જરૂરી હોય છે. આ વલણના કારણોમાં નોકરીની સુરક્ષા ખાસ કારણ છે. સરકારી નોકરીઓ, કોન્સ્ટેબલ અથવા કંડક્ટર જેવા પ્રવેશ-સ્તર પર પણ, ઉચ્ચ નોકરી સુરક્ષા, તબીબી કવરેજ અને રહેઠાણ સુવિધાઓ પ્રદાન કરે છે, જેનો ખાનગી ક્ષેત્રમાં ઘણીવાર અભાવ હોય છે. ઉપરાંત નોકરીની તકોની સામાન્ય અછત, ખાસ કરીને રોગચાળા જેવી ઘટનાઓ પછી, ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને કોઇપણ ઉપલબ્ધ સ્થિર રોજગાર મેળવવા માટે દબાણ કરે છે. તો વળી ઘણા ઉમેદવારોને યુનિફોર્મ સાથે સંકળાયેલી પ્રતિષ્ઠાને કારણે પોલીસ દળ અથવા અન્ય યુનિફોર્મર્ડ સેવાઓમાં જોડાવાની ચોક્કસ મહત્વાકાંક્ષા હોય છે. સ્થિર પગાર ધોરણ પણ એક આકર્ષણ કેન્દ્ર છે. કોન્સ્ટેબલ જેવી નોકરીઓ યોગ્ય અને માળખાગત પગાર ધોરણ આપે છે, જે સમય જતાં વધે છે, જે તેમને આર્થિક રીતે આકર્ષક બનાવે છે. સરકારી નોકરીઓ તરફ ભારતીય શિક્ષિતોનું આકર્ષણ ખાનગી ક્ષેત્રના વ્યાપક વિકાસ પછી હજી પણ ઘટ્યું નથી તે સમજી શકાય છે.

ન ગમતા વિચારો

એક યુવાનના જીવનમાં અચાનક ચારે બાજુથી તકલીફો આવી પડી. યુવાન, ઉંમર કાચી, કોલેજના છેલ્લા વર્ષમાં, હજી તો કમાવાની શરૂઆત કરવાની હતી ત્યાં પિતાને કેન્સર ડિટેક્ટ થયું. આ અસાધ્ય રોગનું નામ સાંભળીને જ બધાની હિમત તૂટી જાય પણ યુવાને હસતું મોઢું રાખ્યું. એક બાજુ પિતાનું ઓપરેશન, બીજી બાજુ પરીક્ષા, તેણે બંને સંભાળી લીધું. આજુબાજુનાં સ્વજનોએ પૂછ્યું કે ''તને ડર નથી લાગતો, પરીક્ષા આપી શકીશ, પરીક્ષા તું આપીશ પણ પાસ થઈ જઈશ?'' યુવાને કહ્યું, '' જીવનમાં ઘણી તકલીફ છે. એ તકલીફ પણ આંખ મીંચીને બંધ કરી દઉં તો તકલીફ દૂર નથી થઈ જવાની, પણ એ પણ હકીકત છે ને કે આજે આ તકલીફ છે પણ એનો ઈલાજ થશે પછી તે બીમારી દૂર થશે અને એમાંથી અમે બહાર આવી જઈશું. બદલાવ ચોક્કસ આવશે. જીવનમાં બદલાવ આવે જ છે અને જ્યારે બદલાવ આવે છે તે આપણને ખબર છે તો આપણે એમ વિચાર શું કામ ન કરીએ કે સારો જ બદલાવ આવશે. ન ગમતા વિચારો કરવાની જરૂરત જ નથી. મેં વિચાર્યું જ નથી કે હું પાસ થઈ શકીશ કે નહીં. હું બસ વાંચું છું. મેં વિચાર્યું જ નથી કે મારા પિતાની તબિયત વધારે ખરાબ થશે. હું એમ જ માનું છું કે હવે તેમની તબિયત વધુ ને વધુ સારી જ થતી જશે અને હું ભણવામાં પણ ધ્યાન આપી રહ્યો છું અને તેમનું પણ ધ્યાન રાખી રહ્યો છું.'' નાનકડા યુવાનની આટલી હિમતભરી વાતો અને આટલા ઊંડા વિચારો સાંભળનારાને દંગ કરી નાખતા હતા. એક જણે પૂછ્યું, ''દીકરા, જે છે એ હકીકતનો સામનો તો કરવો જ જોઈએ ને?'' યુવાને કહ્યું, '' હા ચોક્કસ, મને બધી જ હકીકત ખબર છે અને હકીકતનો સામનો કરી જ રહ્યો છું પણ જો આપણી થાળીમાં ન ગમતું શાક પીરસવામાં આવે તો આપણે ખાતા નથી બરાબર ને તો પછી મારા જીવનમાં મને ન ગમતા વિચારો નકારાત્મક વિચારો હું શું કામ કરું? હું પરીક્ષા આપીશ એમાં પાસ પણ થઈશ એવા વિચારો સાથે હું વાંચું છું અને મારા પિતાની બીમારી પણ દૂર થઈ જશે. આ બીમારીમાંથી પણ તે ફરી ઊભા થઈ જશે એ પણ હું વિચારું છું. ન ગમતા વિચારો ન કરવા એ મારી ચોઇસ છે.'' સાચે જ આપણે બધાએ જ જીવનમાં ન ગમતા વિચારો શું કામ કરવા? ન ગમતા નકારાત્મક વિચારો આપણી ચિંતા અને ભાર વધારે છે. દુઃખનો ઓછાયો લાવે છે. તેના કરતાં બસ ગમતું વિચારો અને પોતાનું કામ કરતા રહો.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ભારે મહેનતથી પદ અને પ્રતિષ્ઠા મળ્યાં હોય તેને નેતાઓનાં ચરણોમાં શા માટે મૂકવાં?

યુવાન ધારાસભ્ય જીગ્નેશ મેવાણી તેમના આક્રમક અંદાજ માટે જાણીતા છે. તાજેતરમાં જ તેમણે દારૂના અડ્ડા માટે અને બુટલેગરો સત્તાવાળાઓ વચ્ચેની સાંઠગાંઠના મુદ્દે જે ઉગ્ર મિજાજ બતાવ્યો તે ચર્ચામાં છે. આમ તો ધ્યાનથી જુવો તો જીગ્નેશ મેવાણી આક્રોશપૂર્વક બોલ્યા છે પણ ખોટું નથી બોલ્યા. તે બોલ્યા છે કે જે પોલીસ અધિકારીઓ સામાન્ય પ્રજાને રંજાડવા આવી જાય છે તે દારૂના અડ્ડા ચલાવનારા અને બુટલેગરો માટે બોલતા નથી. એ વાત સૌ જાણે છે કે ગુજરાતનાં યાત્રાધામોમાં દારૂના અડ્ડા ખુલ્લેઆમ ધમધમે છે. આ લખાય છે ત્યારે જ અમદાવાદમાં દારૂના નશામાં વાહનચાલકે સ્કૂલે જતી બે શિક્ષિકાને અડફેટે લીધાના સમાચાર છે અને એમાંથી એકનું મોત થયું છે. અગાઉના મહિનામાં અનેક ગાડીચાલકોએ નશાની હાલતમાં રાહદારીઓને અડફેટે લીધાના સમાચાર હતા. આ બધા સમાચાર એ સાબિત કરે છે કે ગુજરતમાં ડ્રગ્સ અને નશીલા પદાર્થોનું વેચાણ બેરોકટોક ચાલે છે અને ગરીબ મજૂર વર્ગ જ્યારે હલકો દારૂ પીએ છે ત્યારે પોલીસ તેના વિરુદ્ધ કાયદા પાલનમાં શૂરી હોય છે. જીગ્નેશ મેવાણીએ ગરીબ પ્રજા પર રોફ મારતાં પોલીસ અધિકારીઓને કહ્યું કે પટ્ટા તમે પહેર્યા છે, અમે નથી પહેર્યા. તમારા પટ્ટા ઊતરી જશે, અમારા નહીં. મતલબ કે તમે એ નોકરી કરો છો. નોકરી તમારી જશે, અમારી નહીં. માટે તમે કાયદામાં રહીને કામ કરો. જીગ્નેશ મેવાણીની આ વાત બધા પોલીસવાળા માટે નથી. આ વાત માત્ર હપ્તાખોર તંત્રનો હાથો બનનારા માટે છે પણ સોશ્યલ મીડિયાના જમાનામાં નાની નાની રીલ્સ વાયરલ થાય છે અને જીગ્નેશ મેવાણી વાયરલ થયા. વળી એ હીરો કોંગ્રેસના સભ્ય દ્વારા થઇ છે એટલે તે જીગ્નેશની વાતનો સપોર્ટ નથી કરી શકતા. બાકી, આમ તો જીગ્નેશ મેવાણી અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલ એક સાથે જ ભાજપના વિરોધમાં મોટા થયેલા યુવા નેતાઓ છે.

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

આત્મસન્માન જ જાળવવું હોય તો આ બનેલા ગુંડાઓ સામે પાડો ને! તમારા આત્માને પૂછો કે ગરીબોનાં ઝૂંપડાં માટે જે શુરાતન ચડે છે તે નેતાઓનાં ગેરકાયદે ધંધાઓ માટે કે બાંધકામો માટે ચડે છે? રેલીઓ જ કાઢવી હોય તો આત્મસન્માન માટે કાઢો. જીગ્નેશ મેવાણીની સામે રેલીઓ કાઢવાથી શું ફાયદો થશે

થયા અને હપ્તાખોર તંત્ર ખુલ્લું પડ્યું. સતત મીડિયા મેનેજમેન્ટ કરતાં લોકોના પેટમાં તેલ રેડાયું અને જીગ્નેશ મેવાણી કરતાં પણ ગુજરાતમાં દારૂના અડ્ડા અને હપ્તાખોર તંત્રની વાત સરા જાહેર ખુલ્લી થઇ એટલે જીગ્નેશ મેવાણીનો રાજકીય વિરોધ થવા લાગ્યો. કોંગ્રેસમાં જો આ જીગ્નેશ મેવાણી જેટલી હિંમત અને આક્રોશ હોત તો કોંગ્રેસની આજે જે હાલત થઇ તે ના હોત.

ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર તો કાયમ દારૂના અડ્ડાનો વિરોધ કરે છે કારણ કે આ વાત

જીગ્નેશ મેવાણીની વાતને આડા પાટે ચડાવવા હવે પોલીસ પરિવારોને મેદાને ઉતારવામાં આવ્યા છે. અધૂરામાં પૂરું પોલીસ અધિકારીઓ પણ "અમને જેમ ફાવે તેમ ના બોલો" ના વાજા વગાડવા માંડ્યા છે. પોલીસ પરિવારો કહી રહ્યાં છે કે અમને પટ્ટા અને પદ, પ્રતિષ્ઠા મહેનતથી મળ્યાં છે તે એમ ઊતરી ના જાય! સાચી વાત છે. આમ તો જીગ્નેશ મેવાણી પણ તે જ કહી રહ્યા છે. આપણે પણ આ પોલીસ અધિકારીઓ અને તેમનાં પરિવારજનોને એ જ કહીએ છીએ કે આઈ.પી. એસ. અને આઈ.એ.એસ. કક્ષાના પદ પ્રતિષ્ઠા એમનેએમ નથી મળતાં. સાદી એલ.આર. ડી.ની પોસ્ટ પણ લાખો લોકો પરીક્ષા આપે, શારીરિક ટેસ્ટ આપે અને ઈન્ટરવ્યૂ થાય પછી મળે છે તો આવી મહેનત પછી જે પોસ્ટ મળી હોય તેનું હપ્તા લઈને અપમાન શા માટે કરવું? શા માટે ભણેલાં-ગણેલાં આઈ.એ.એસ, આઈ.પી.એસ. અધિકારીઓને આ અભણ નેતાઓ અને બુટલેગરોની ગુલામી કરવી પડે? જો સામા જ પડવું હોય. આત્મસન્માન જ જાળવવું હોય તો આ સ્થાપિત હીટ બનેલા ગુંડાઓ સામે પાડો ને! તમારા આત્માને પૂછો કે ગરીબોનાં ઝૂંપડાં માટે જે શુરાતન ચડે છે તે નેતાઓનાં ગેરકાયદે ધંધાઓ માટે કે બાંધકામો માટે ચડે છે? રેલીઓ જ કાઢવી હોય તો આત્મસન્માન માટે કાઢો. જીગ્નેશ મેવાણીની સામે રેલીઓ કાઢવાથી શું ફાયદો થશે. એકસોપાંસઠ સીટોવાળી સત્તા પક્ષની પાર્ટી સામે આ એકલાનું શું ગજું? રાજકારણના હાથા ન બનો. પ્રજાએ પ્રજાના પક્ષે બોલનાર સામે બાંયો નથી ચડાવવાની! નેતાઓ તો પ્રજાના નેતા સામે પ્રજાને જ લડાવી મારશે. આપણે તે નથી કરવાનું અને હા, ગુજરાતનાં મોટાં લેખકો, વક્તાઓ અહીં પણ ચૂપ છે. અરે ભાઈ બોલો, ગુજરાતમાં દારૂના હપ્તા અને યાત્રાધામોમાં ચાલતા નશીલા પદાર્થોના ખુલ્લેઆમ વેચાણ માટે બોલો હિંદુ હૃદયસમ્રાટો બોલો. "લાલો" ત્યાં પણ સહાય કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

નવી શ્રમસંહિતામાં કેટલાક આવકારદાયી બદલાવની સાથે કામદારો માટે ચિંતા કરાવે એવી જોગવાઈ પણ છે

૨૧ નવેમ્બરે સરકાર તરફથી નવી શ્રમસંહિતાની જાહેરાત થઈ. પહેલાં ૨૯ જેટલાં અલગ અલગ શ્રમ-કાયદા હતા. આટલા બધા કાયદા હોવાને કારણે કાનૂની પ્રક્રિયા જટિલ બનતી હતી. કાયદાના સરળ બનાવા માટે જૂના કાયદાઓને અલગ રીતે ગોઠવીને નવા કાયદામાં ચાર સંહિતા (કોડ) માં ગોઠવવામાં આવ્યા છે. ૨૦૧૯થી શ્રમ-કાયદામાં ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ થઇ ગઈ હતી. વેતનસંહિતા (2019), ઔદ્યોગિક સંબંધ સંહિતા (2020), સામાજિક સુરક્ષા સંહિતા (2020) અને વ્યાવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કામ કરવાની શરતો સંહિતા (2020) ને પાંચ વર્ષ પહેલાં સંસદ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. જેને ૨૧મી નવેમ્બરે ઔપચારિક રીતે અમલમાં મૂકવામાં આવી. ઘણા કાયદા અંગ્રેજોના સમયથી ચાલી આવતા હતા એને બદલી આધુનિક કામના સ્થળને અનુરૂપ બનવાની જરૂર હતી જ. સરકારે પણ વ્યવસાય કરવાની સરળતા ઊભી કરવા માટે કાયદાને આધુનિક અને સરળ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

શ્રમ-કાયદાની શરૂઆત ઐતિહાસિક રીતે શ્રમિકોના કલ્યાણ માટે થઇ હતી. વૈશ્વિક સ્તરે જોઈએ તો ઔદ્યોગિક ક્રાંતિની સાથે ૧૯મી સદીમાં કામના કલાક નિશ્ચિત કરવાની પહેલ થઇ અને એક શ્રમિકનું ગુલામમાંથી કામદાર તરફનું પ્રયાણ સરળ બન્યું. વીસમી સદીમાં કામના કલાક ઘટતા ગયા, સાથે લઘુતમ વેતન મળતાં થયાં. સામાજિક સુરક્ષાનો પ્રબંધ શરૂ થયો, ટ્રેડ યુનિયનને માન્યતા મળી અને વાટાઘાટોની શક્યતા વધી. ઉત્તરોત્તર કાયદા પ્રગતિશીલ બનતા ગયા અને શ્રમિકોની માનવીય જરૂરિયાતોને સમજતા ગયા. દોઢથી બે દાયકા દરમ્યાન થયેલી આ પ્રગતિ લોકશાહીના વધતા પ્રભાવને કારણે શક્ય બની, જેણે કામદારો અને તેમનાં યુનિયનોને મેનેજમેન્ટ સાથે વાટાઘાટ કરવા માટેનો મંચ ઊભો કર્યો. કાયદામાં શ્રમિક તરફી થયેલા લગભગ દરેક સુધારા પાછળ નાની-મોટી લડત રહી જ છે. શ્રમિકોને રોજગાર સંદર્ભે સુરક્ષા મળવી એ એમનો હક કહેવાય. કોઈ ધર્માદાનો વિષય નહિ એ સમજણ પણ સમાજમાં ઊભી કરવામાં લાંબો સમય ગયો. એ પ્રમાણે કાયદા ધીમે ધીમે બદલાતા ગયા.

સમયની જરૂરિયાત પ્રમાણે કાયદા ઘડાવા તેમજ બદલાવા જોઈએ. પણ, જરૂરિયાત કોની એ સવાલ અગત્યનો છે. શ્રમ કાયદાના હાર્દમાં અત્યાર સુધી શ્રમિકોનું કલ્યાણ હતું. હવે ધીમે ધીમે વ્યવસાય કરવાની સરળતાને પ્રાધાન્ય મળતું દેખાય છે. નવી શ્રમસંહિતામાં કેટલાક આવકારદાયી બદલાવની સાથે કામદારો માટે ચિંતા કરાવે એવી જોગવાઈ પણ છે, એટલે જ દેશભરનાં મુખ્ય દસ મજૂર સંગઠનોએ વિરોધ નોંધાવ્યો છે. નવા કાયદા પ્રમાણે કામના કલાકોમાં વધારો કરી શકાશે. મહિલા કામદારોને રાતપાળી માટે બોલાવી શકાશે. ૩૦૦ કામદારો સુધી છટણી કરવા માટે પૂર્વમંજૂરી લેવાની જરૂર રહેશે નહિ. પહેલાં આ મર્યાદા ૧૦૦ કામદારોની હતી. કામદાર કલ્યાણ માટે સામાજિક સુરક્ષા, લઘુતમ વેતન અને ૪૦ વર્ષથી વધુ ઉંમરવાળાં કામદારો માટે વાર્ષિક આરોગ્ય તપાસ જેવી સુવિધાની વાત પણ કરી છે પણ સામાજિક સુરક્ષાના કાયદા વર્ષોથી આપણે ત્યાં છે અને જેનો મોટા ભાગે એક યા બીજાં કારણોસર ભંગ જ થતો આવ્યો છે અને જે અંગે લેબર કમિશનરની કચેરી આંખ આડા કાન જ ધરતી આવી છે. તો હવે નવા કાયદા આધીન આ સુવિધાઓનો લાભ કઈ રીતે સુનિશ્ચિત થશે એ અંગે કોઈ સ્પષ્ટતા નથી. તો શ્રમિકોનાં જીવનમાં આ કાયદાથી સુધારો થશે એવું માની લેવાને કોઈ કારણ નથી. સરકાર ભલે કહે કે ગીગવર્કર્સ (ઝોમેટો-સ્વીગી કે બ્લીન્કીટ જેવા પ્લેટફોર્મ પર છૂટું કામ સ્વીકારતાં લોકો) માટે પણ સામાજિક સુરક્ષાની વ્યવસ્થા કરવા પ્લેટફોર્મ ચલાવનાર પાસેથી યોગદાન લેવાશે. કાગળ પર આ વાત જેટલી સરળ લાગે છે એટલો જ એનો અમલ મુશ્કેલ છે. ૨૦૦૮માં આવેલા અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકો માટે સામાજિક સુરક્ષાના કાયદાનો અમલ આજ સુધી અસરકારક બની શક્યો નથી. બાંધકામ મજૂરો માટેના ભંડોળમાં ઘણાં બિલ્ડીંગ કોન્ટ્રાકટર પૈસા જમા કરાવતા જ નથી છતાંય એમની સામે કોઈ પગલાં લેવાયાનું સાંભળ્યું નથી. વળી,ગીગવર્કર્સ માટે વ્યાવસાયિક સુરક્ષા અને કામ કરવાની શરતોની કોઈ જોગવાઈ નથી. એટલે દસ મીનીટમાં ઘરે ડીલીવરી પહોંચાડવાની દોડમાં રોડ અકસ્માતમાં જોખમ સામે કોઈ સુરક્ષા નથી. ઉપરાંત ટ્રેડ યુનિયનની માન્યતા માટેની શરતો પણ વધારે આકરી બનાવી છે, એટલે જો વાટાઘાટ દ્વારા પ્રશ્નના નિરાકરણ માટે અવકાશ મર્યાદિત બની જશે એ આશંકા અસ્થાને નથી.

શ્રમજીવી દેશનો નાગરિક પણ છે અને ઉત્પાદનનું સાધન પણ. નાગરિક તરીકે એના અધિકારનો દાયરો મત આપવા પૂરતો મર્યાદિત થઇ જાય છે. પાછલા ત્રણ દાયકામાં ઔપચારિક રોજગારનું પ્રમાણ સતત ઘટીને લગભગ સાત ટકા પૂરતું મર્યાદિત થઇ ગયું છે. શ્રમ કાયદાથી બચવા ઉદ્યોગો અનૌપચારિક કામદારો તરફ વધુ ને વધુ વળ્યા છે. ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જોઈએ તો સ્પષ્ટ દેખાય કે શ્રમિકોની ઉત્પાદકતા ઉત્તરોત્તર વધી છે પણ ઉત્પાદનની વહેંચણીમાં તેમનો હિસ્સો ઘટી રહ્યો છે. આ વધતી અસમાનતાની નિશાની છે જે સમાજની તંદુરસ્તી માટે ચિંતાનો વિષય હોવો જોઈએ.

કહેવાની વાત

નેહા શાહ

લેબર કમિશનરની કચેરી આંખ આડા કાન જ ધરતી આવી છે. તો હવે નવા કાયદા આધીન આ સુવિધાઓનો લાભ કઈ રીતે સુનિશ્ચિત થશે એ અંગે કોઈ સ્પષ્ટતા નથી. તો શ્રમિકોનાં જીવનમાં આ કાયદાથી સુધારો થશે એવું માની લેવાને કોઈ કારણ નથી

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

નકલી માલના વેપાર

સુરભિ ડેરીમાં નકલી પનીર પકડાયું તે સૌ બહાર આવ્યા. ડેરી માલિકે જાતે કબૂલ કર્યું તે નકલી માલ મંગાવી વાપરતો કાયદામાં ઢીલાશનો લાભ લઇ માત્ર 5000નો દંડ કરવામાં આવ્યો. રીપોર્ટ આવે તે પહેલાં સીલ કરેલી ડેરી સીલ તોડી ઐસી તૈસી કરી પરંતુ કાયદા ઢીલા હોય પેપરના પાને ચઢી ગયા ને પકડાયેલા ને ગ્રાહકોએ જાગૃત થઇ લોકશાહીમાં લોકો સર્વોપરી છે. તે સમજાવવા સુરભિ ડેરી જેવાઓનો માલ લેવાનું બંધ કરી ગ્રાહક પર નિર્ભર માલિકને ટીલો કરી શકાય અથવા દુકાન પર ધરણાં કરી લોકજાગૃતિ બતાવી સરકારી કાયદા કડક બનાવવા સરકારને જાગૃત કરી શકાય.

સુરત - કુમુદચંદ્ર જરીવાળા

ગરમધરમ HeMan ધર્મેન્દ્ર

હિંદી ફિલ્મનાં રૂપેરી પડદાનાં એકમાત્ર હીમેન અભિનેતા એવા ધર્મેન્દ્ર આ ફાની દુનિયા છોડીને એમના આદર્શ એવા દિલીપકુમારને મળવા ચાલ્યા ગયા. સત્યકામ જેવી ધીર ગંભીર ફિલ્મથી સીને જગતમાં એમની એકટર તરીકે ઓળખ સ્થાપિત થઈ અને ફૂલ ઔર પથ્થરથી એમને હિ-મેન તરીકે નું બિરૂદ મળ્યું. દેશી કસરત અને અખાડામાં જઈને એમણે બનાવેલું દેહ શૌષ્ઠવ એમને સંપૂર્ણ એક્ટર બનાવતું હતું. ધર્મેન્દ્ર એ દરેક પ્રકારની ફિલ્મો કરી. નૃત્યમાં એમની હથોટી ના હોવા છતાં એમણે એમની પોતાની શૈલી વિકસાવી જેનું ઉદાહરણ, ગીત મૈં જટ યમલા પગલા દિવાના છે. જે પચાસ વર્ષ પછી પણ વરઘોડામાં અને ઘણાં પ્રસંગો એ બધાને નચાવે છે. આંખોથી વ્યક્ત થતો ગુસ્સો અને એકશનથી કરોડો ચાહકોનાં દિલ પર રાજ કરતા હતા. ધરમપાજીની એક્ટિંગની રેન્જ ઘણી વિશાળ હતી. સાબિતી સત્યકામ, ફૂલ ઔર પથ્થર, શોલે, ચુપકે ચુપકે, ચરસ, શાલીમાર વિગેરે ગણી શકાય. મોટા ભાગે ૧૯૬૩ થી લઈ ને ૨૦૨૫ સુધી બધી ફિલ્મોની હિરોઈન સાથે એમની જોડી જામી હતી પણ હેમામાલિની સાથે એમણે ઘણી હિટ ફિલ્મો આપી. વર્તમાન સાથે એમની ચાલવાની આવડતને લીધે તેમણે ફિલ્મ નિર્માણ કરી બેતાબ, બરસાત, ઘાયલ, અપને જેવી ઘણી સફળ ફિલ્મો આપી અને તેઓ છેલ્લે સુધી સોશિયલ મીડિયા દ્વારા ફિટનેસ વિડિયો મારફત તેમના ચાહકોને પ્રેરણા આપતા રહ્યા હતા.

પાલ, સુરત - નિતીન પાઠક

દેશનો નોંધપાત્ર વિકાસ

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી મતોના નુકસાનકારક રાજકારણો છોડીને વિકાસવાદોનું રાજકારણ ચલાવીને 2014થી સાચો રસ્તો બતાવેલ છે. દેશનો નોંધપાત્ર વિકાસ અભિનંદનને પાત્ર ગણી શકાય. વિશ્વના સૌથી મોટા 33 ફૂટના રડાર એન્ટેનાને અવકાશમાં ગોઠવવા નાસા-ઈસરો તાજેતરમાં સફળ થયેલ છે, 25060 કરોડ રૂપિયાના ખર્ચે છ વર્ષ માટેના એકસપોર્ટ પ્રમોશન મિશનને કેન્દ્ર સરકારે મંજૂરી આપીને દેશના નિકાસકારોને ટેરીફ સામે કાર કંપનીઓ ચીનથી નારાજ થઇને આપણા દેશમાં 11 અબજ ડોલરનાં રોકાણો કરનાર છે જેનાથી જાપાનની હોન્ડા, ટોયોટો હવે ભારતમાં બનશે. તેજસ વિમાનનાં એન્જીન બનશે. ગુગલ કંપની આપણા દેશમાં અમેરિકા પછી વિશ્વનું સૌથી મોટું એઆઇ હબ માટે 1.33 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરનાર છે. મુંબઈમાં દેશનું પ્રથમ સંપૂર્ણ ડીજીટલ એરપોર્ટ બનેલ છે જે મુંબઈનું બીજું એરપોર્ટ છે. દેશમાં પ્રથમ વાર અમદાવાદના રેલવે સ્ટેશન પરથી પેસેન્જર ટેકસી, રીક્ષા કે બાઇક 20 ટકાના ડિસ્કાઉન્ટ સાથે બુક કરી શકશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ સાબરમતીના ગાંધી આશ્રમનું રીડેવલપમેન્ટ માર્ચ 2026 સુધીમાં પૂર્ણ થનાર છે. દેશમાં પ્રથમ વાર સુરત ખાતે જમીનની નીચે બે ડબલડેકર સ્ટેશનનું નિર્માણ થનાર છે. અહીં ટ્રેનો સામસામેથી જગ્યાએ ઉપર નીચે આવશે. દેશમાં આઇફોનના તમામ મોડેલનું ઉત્પાદન થનાર છે. અમદાવાદમાં એશિયાનું સૌથી મોટું રેલવે ઓપરેશન કમાન્ડ સેન્ટર બનનાર છે જે પાંચ રાજયોની કુલ 500 માલગાડીઓની દેખરેખ રાખનાર બનશે.

અમદાવાદ- પ્રવીણ રાઠોડ

હીપ ઈમ્પ્લાન્ટ-ખરું-ખોટું

તા. 20.11.25 એ બીરેન કોઠારીએ કોલમમાં જ્હોન્સન એન્ડ જ્હોન્સન કું પરના બંને લેખકોનાં પુસ્તકોમાં આપણા દેશ આરોગ્ય ક્ષેત્રે આચરેલ વિવિધ ગેરરીતિઓ છતી કરી છે. કોનેન શેરીફે હીપ ઈમ્પ્લાન્ટ માટે આ કંપનીએ બનાવેલ ઉપકરણ પર વિસ્તારથી પોતાના પુસ્તકમાં છણાવટ કરી છે. જે પર પ્રકાશ પાડવા બદલ બિરેનને અભિનંદન. થાપાના સાંધાનું પુનઃ આરોપણ કરવામાં આવે તેને હીપ ઈમ્પ્લાન્ટ કહેવાય. જ્હોન્સન એન્ડ જ્હોન્સન કું.નાં બનાવેલાં ઉપકરણ બેસાડ્યા પછી દર્દીઓને વિવિધ તકલીફો થવા માંડી. શેરીફ (લેખક)ને તેની જાણ થતાં તેમણે તેની રીતસર તપાસ આરંભતાં તેમણે એવા અઢળક કિસ્સાઓ આપણા દેશમાં મળ્યા. અમેરિકામાં પણ આ કંપનીએ આ જ ઉપકરણ મૂકયું હતું. ત્યાં પણ તે ક્ષતિગ્રસ્ત પુરવાર થતાં ત્યાંના બજારમાંથી આ ઉપકરણ કંપનીએ વેળાસર પાછું ખેંચી લીધું. આપણે ત્યાં આ ઉપરકરણનો ઉપયોગ ખાનગી હોસ્પિટલમાં થતાં જયાં હોસ્પિટલના સત્તાવાળા તથા ડોકટરો દર્દીને આ ખામીવાળા ઉપરકરણ બાબતે અંધારામાં રાખતાં. પૈસા માટે દર્દીના જીવન સાથે આવો ખેલ ખેલાતાં નૈતિકતા, પ્રામાણિકતા, ઉત્તરદાયિત્વ જેવા શબ્દો કાગળ પર જ રહી ગયા. માત્ર હીપ ઈમ્પ્લાન્ટ જ નહીં પણ હૃદયમાં બેસાડાતી સ્ટેન્ટ અને પેસમેકર બાબતે યોગ્ય નિયમન ન હોવાથી આપણા દેશમાં દર્દીની કેવી ને કેટલી ખરાબ પરિસ્થિતિ થાય છે તે પણ શરીફે જણાવી છે.

વ્યારા - પ્રકાશ સી. શાહ

કર્મચારી અનામત દળ

દેશમાં સમયાંતરે ચૂંટણીવિષયક, વસ્તીગણતરી વિષયકની કામગીરી નિયમિત ચાલુ રહે છે. આ SIRની કામગીરી ખૂબ જ મહત્ત્વની છે. BLO તથા અન્ય અધિક